# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેવાતજ ખાતે સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સહયોગથી "વિશ્વ જળપ્લાવિત દિવસ" ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સહયોગથી ૨જી ફેબ્રુઆરીના રોજ "વિશ્વ જળપ્લાવિત દિવસ" ની ઉજવણી કરવામાં આવી જેમાં ૧૧૫ ખેડુત ભાઈઓ તેમજ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ડો. સી. એન. પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, આણંદ ઉપસ્થિત રહ્યા હતા. અતિથી વિશેષમાં પ્રો. કલ્પેશ અંજારીયા, પ્રોફેસર, આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ, શ્રી અક્ષિત સુથાર, પર્યાવરણવિદ, ગુજરાત ઇકોલોજી સોસાયટી, વડોદરા, શ્રી એમ. એમ. રાજ્યગુરુ, મદદનીશ વન સંરક્ષકશ્રી, આણંદ તથા શ્રી રમણભાઈ એમ. પટેલ, પ્રગતિશીલ ખેડૂત, બોદાલ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો.જી.જી.પટેલ દ્વારા મહેમાનશ્રી તથા ખેડુત ભાઈઓ તેમજ બહેનોનું શાબ્દીક તેમજ પુષ્પગુચ્છ દ્વારાસ્વાગત કર્યા બાદ વિશ્વ જળપ્લાવિત દિવસની ઉજવણી અંતર્ગત પ્રસ્તાવના પ્રવચન કર્યું જેમાં ખેડૂત ભાઈઓને ખેતરમાં ભલામણ કરતાં વધુ ખાતર અને રાસાયણીક જંતુનાશકોના ઉપયોગ અટકાવી નજીકમાં આવેલ પરીએજ અને કનેવાલ જેવા જળપ્લાવિત વિસ્તારોની સજીવતાની જાળવણી કરવા સૂચન કર્યું ત્યારબાદ ડો. સી. એન. પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, આણંદ એ વૃક્ષોની સમાજ જીવનમાં ઉપયોગીત્તા બાબતે તથા સીંચાઈને લગતી યોજનાઓ વિષેની માહિતી આપેલ. શ્રી એમ. એમ. રાજ્યગુરુ, મદદનીશ વન સંરક્ષકશ્રી, આણંદ એ ખેડૂતોને ફોરેસ્ટ ખાતાની યોજનાઓ વિષે માહિતગાર કરેલ. પ્રો. કલ્પેશ અંજારીયા, પ્રોફેસર, આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ એ ખેડૂતોને જળપ્લાવિત દિવસની ઉજવણી વિષે વિસ્તૃતમાં જાણકારી આપી હતી ત્યારબાદ શ્રી અક્ષિત સુથાર, પર્યાવરણવિદ, ગુજરાત ઇકોલોજી સોસાયટી, વડોદરા એ જળપ્લાવિત વિસ્તારના મહત્વ વિષેની ચર્ચા કરી હતી. બોદાલ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી રમણભાઈ એમ. પટેલે ખેડૂતો સમક્ષ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા તથા ખેડૂતોને સજીવ ખેતી કરવા માટેની માહિતી તથા પ્રોત્સાહન આપ્યું. તેમજ વલાસણ ગામના પ્રગતિશીલ મહિલા ખેડૂત શ્રીમતી બાલાબેન આર. પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોને તેઓના બાગાયતી પાકોમાં મૂલ્ય વર્ધનના ઉદ્યોગ વિષે માહિતી આપી.

કાર્યક્રમના અંતે શ્રી એમ. એમ. રાજ્યગુરુ, મદદનીશ વન સંરક્ષકશ્રી, આણંદ એ ઉપસ્થિત મહેમાન તથા ખેડૂત ભાઈઓ તેમજ બહેનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરી સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી વીરૂબેન ગોરડીયા, વનપાલ, સોજીત્રા તથા શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) કેવિકે, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>


















